
# બાયડ મતદારોની ભારે નિરસતા વચ્ચે ૬૧.૦૧ % મતદાન






બાયડ વિધાનસભા પેટા ચૂંટણીની મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી ભાજપના ધવલસિંહ ઝાલા અને કોંગ્રેસના જશુભાઈ પટેલ તથા એનસીપીના ઉમેદવાર સહીત અન્ય અપક્ષ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં બંધ થઈ ગયું હતું જે આગામી ૨૪ તારીખે ગુરુવારે ખુલશે સવારે ૮ વાગ્યાથી મતદાન પ્રક્રિયા હાથધરાઈ હતી ભાજપના ધવલસિંહ ઝાલાએ તેમના વતન ધરમડીવાંટા ગામથી મતદાન કર્યું હતું કોંગ્રેસના જશુભાઈ પટેલે હેલોદર મતદાન કર્યું હતું ભાજપ-કોંગ્રેસ બંને રાજકીય પક્ષોના ઉમેદવારોએ જંગી જીતના દાવા અને મતદારો પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગુજરાતમાં યોજાઈ રહેલી ૬ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં બાયડ બેઠક પર ચૂંટણી જાહેર થઈ ત્યારથી હાઈ વોલ્ટેજ ડ્રામાં જોવા મળ્યો હતો જે મતદાનની આગલી રાત્રી સુધી જોવા મળ્યો હતો ભાજપ-કોંગ્રેસમાં ગાબડાં પાડવાનો સિલસિલો પણ યથાવત રહ્યો હતો.

૩૨-બાયડ વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસની સીધી ટક્કરમાં સવારથી બંને પક્ષના કાર્યકરો મતદારોને મતદાન કરવા માટે ભારે પ્રયત્નો હાથધર્યા હતા મતદારોની અગમ્ય કરણોસરની નિરશતા થી બંને પક્ષના ઉમેદવારો અને કાર્યકરો માટે મૂંઝવણ ભરી સ્થિતિ પેદા કરી હતી સાંજે ૫ વાગ્યા સુધી ૫૭.૮૧ ટકા મતદાન થયું હતું મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતા વહીવટી તંત્ર અને પોલીસતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ડીસામાં તહેવારો સમયે પણ રખડતા ઢોરોનો ત્રાસ યથાવત, ઢોર પકડવાની મંદ ગતિથી નગરજનોમાં આક્રોશ

ડીસા

એક તરફ હાલમાં દિવાળી સહિતના તહેવારોની સિઝન હોઈ પાટનગરી તરીકે ખ્યાતિ પામેલ ડીસામાં મુખ્ય માર્ગો ની હાલત દયનિય બની છે જ્યાં જુઓ ત્યાં



ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ખરીદી અર્થે આવતા હોય છે પરંતુ ડીસાના રાજમાર્ગ ઉપર અડિંગો જમાવી બેઠેલા પશુઓથી ટ્રાફિકની સમસ્યા વણશી છે જ્યાં જુઓ ત્યાં રખડતા ઢોરના અડિંગા જોવા મળી રહ્યા છે જેને લઈ ને ભારે મુશ્કેલી સર્જવા પામી છે જેને લીધે ડીસા શહેરની આગવી ઓળખ ભુલાઈ ચુકી છે.

સમગ્ર રાજ્યમાં આર્થિક માત્ર રોડ ઉપર તમને રખડતા ઢોર નજરે ચડી રહ્યા છે સવાર હોય કે સાંજ આ ઢોર મુખ્ય રોડ ઉપર થી ખસતા જ નથી હાલમાં દિવાળીનો તહેવાર હોઈ બજારમાં માંડ ઘરાકી ખુલી છે તેવા સમયે પણ બજારમાં રખડતા ઢોર ભારે મુશ્કેલી સર્જી રહ્યા છે અને દિવસ દરમિયાન પસાર થતા રાહદારીઓ,મહિલાઓ, સ્કૂલે જતા બાળકો અને સિનિયર સીટીઝન સહિતના શહેરીજનો ભય સાથે પસાર થાય છે મુખ્ય માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલા આ ઢોરોની ઈજાઓના લીધે ભૂતકાળ માં અનેક લોકોએ ઈજાઓની સાથે જીવ પણ ગુમાવ્યા છે જોકે શહેરીજનો ની આ મુશ્કેલી દૂર કરવાની જવાબદારી પાલિકાની હોવા છતાં જવાબદાર તંત્ર મુક બની તમાશો જોઈ રહ્યું છે માત્ર રખડતા ઢોર જોકે રખડતી ગાયો કેમ પકડવામાં આવતી નથી ? તે સવાલ પણ આમ જનતામાં ચર્ચાઈ રહ્યો છે હાલ તો ડીસાના સમગ્ર માર્ગો પર આ ઢોરનું સામ્રાજ્ય સ્થાપિત છે ઢોર પકડવાની કામગિરી ગોકળગાયની ગતિ એ ચાલી રહી છે પાલિકા દ્વારા વાર્ષિક રખડતા ઢોર પકડવાનો કોન્ટ્રાક્ટ આપવા માં આવ્યો હોવા છતાં આ ઢોરની



પકડવાનો કોન્ટ્રેક આપી નિશ્ચિત બની ગયું છે પાલિકા દ્વારા અપાયેલ કોન્ટ્રાકટ માં જે તે કોન્ટ્રાકટર દ્વારા માત્ર રખડતા આખલા જ પકડવામાં આવે છે સંખ્યામાં સહેજ પણ ઘટાડો થયો નથી અને તેને પકડવાની કામગીરી માત્ર ને માત્ર કાગળ ઉપર જ ચાલતી હોય તેવું લાગી રહ્યું છે.

## વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

વડગામ, તા. ૨૧

વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં તાં.પ.ની શિક્ષણ શાખાનું રીનોવેશન કરવા અને વિવિધ ગ્રાંટોની ચર્ચા કરવામાં આવી હતી.

વડગામ તાલુકા પંચાયતની સોમવારે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતની શિક્ષણ શાખાનું રિનોવેશન કરવા પિરોજપુરા સરપંચનું રાજીનામું મંજૂર કરવા ચર્ચાઓ કરવામાં આવી હતી. મેમદપુર બેઠકના તા.પં. સદસ્ય રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તાલુકાના ગામોમાં અને મેમદપુરમાં આવેલી જર્જરિત આંગણવાડી અંગેની માહિતી મંગાવી નવી બનાવવા માટે રજુઆત કરી હતી. મેતા બેઠકના સદસ્ય યુનુસભાઈ મન્સુરી દ્વારા ગામમાં રસ્તો બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી. વડગામ તાલુકાના કેટલાક ગામડાઓમાં પ્રધામંત્રી આવાસ યોજનાના ઘર મંજૂર થયા છે પણ પ્લોટો હજુ ન મળ્યા હોવાની રજૂઆતો સદસ્યોએ કરી હતી.

## પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટેની સેવામાં વધારો થતા આશીર્વાદરૂપ

વર્ષોથી શૈક્ષણિક પછાતપણાનું કલંક ધરાવતા બનાસકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ મળતા પાલનપુર સિવિલ હોસ્પિટલનો વહીવટ બનાસડેરી બેન્કમાં સ્ટોરેજ વધારતા હવે માત્ર ૬૦૦ રૂપિયાનો ટેસ્ટીંગ ચાર્જ લઈને બહારના દર્દીને પણ જરૂરિયાત મુજબનું લોહી ઉપલબ્ધ બની રહે છે અને દવાખાનામાં ૩૦થી ૮૦ ટકા જેટલી જોવા મળે છે. ઓછા હિમોગ્લોબીન ધરાવતી મહિલાઓને રિપ્લેસમેન્ટ વગર લોહી આપીને ડીલિવરીની સેવા



પ્રેરિત ગલબાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટે સંભાળતા સિવિલ હોસ્પિટલની સેવાઓમાં દિનપ્રતિદિન સુધારો થતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ માટે અત્યાધુનિક લેબોરેટરીની વ્યવસ્થા થતા હવે દર્દીઓને કોઈ ટેસ્ટ કરાવવા બહાર જવું પડતું નથી એટલું જ નહીં હોસ્પિટલની બ્લડ અંદરના દર્દીઓને નિશુલ્ક બ્લડ પૂરું પાડવામાં આવે છે. ઓર્થોપેડિક વિભાગ પણ અત્યાધુનિક બનતા હાડકાના ઓપરેશન પણ હવે થઈ રહ્યા છે સાથે સાથે મોઢાના કેન્સરની તપાસ સાથે દાંત અને જડબાના ઓપરેશન પણ હવે કરવામાં આવે છે. હોસ્પિટલમાં દર મહિને ૧૫૦થી વધુ ડીલિવરી થાય છે. જેમાં સિઝેરિયન ડીલિવરીનું પ્રમાણ ૧૦ થી ૧૨ ટકા જેટલુ જ હોય છે જે સામાન્ય રીતે અન્ય કરવામાં આવે છે. પહેલા મહિને ૧૦૦ જેટલી સોનોગ્રાફી થતી હતી જે અત્યારે બે રેડીયોલોજીસ્ટ દ્વારા દર મહિને ૧૦૦૦થી વધુ સોનોગ્રાફી કરવામાં આવી રહી છે. સાથે સાથે નજીવા દરે સીટી સ્કેન કોન્ટ્રાસ્ટ સુવિધા પણ આપવામાં આવે છે. ઈમરજન્સી સેવાઓમાં ટ્રોમા સેન્ટરમાં આવતા દર્દીઓ માટે પોર્ટેબલ એક્સરે મશીન મુકાતા ઈમર્જન્સી કેસ માટે બીજે ક્યાંય જવું પડતું નથી.

## ડૉ. એપીજે અબ્દુલ કલામની સ્મૃતિમાં યોજાયેલા 'ઈનોવેશન-ડે'ની ઉજવણી




આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અને 'મિસાઈલ-મેન' તરીકે ખ્યાતિ પામેલા લોકપ્રિય વૈજ્ઞાનિક ડૉ. એપીજે અબ્દુલ કલામના સ્મરણમાં એમના જન્મદિવસને 'ઈનોવેશન-ડે' તરીકે ઉજવવામાં આવે છે. ગણપત યુનિવર્સિટી દ્વારા પણ ગયા અઠવાડિયે ઉજવેલા 'ઈનોવેશન-ડે' નિમિત્તે 'ડેવલોપિંગ ધી એન્ટર પ્રિન્યોરિયલ માઈન્ડ-સેટ ઈન યુથ' નામના સેમિનારનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વખ્યાત લાઈફકોચ અને સુખ્યાત વક્તા વિનોદ તિવારીએ એક્સપર્ટ તરીકે ખાસ ઉપસ્થિત વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપકોને ખૂબજ ઉપયોગી એવુ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ આયોજનમાં ગણપત યુનિવર્સિટીના 'સેન્ટર ફોર એન્ટર પ્રિન્યોરશીપ' તેમજ ઈમક્યુબેશન સેન્ટર' મુખ્ય સહભાગી રહ્યો હતો.

અનેક 'બેસ્ટ સેલર બુક્સ'ના સર્જક અને પ્રખર વક્તા વિનોદ તિવારીએ એમના પ્રેરણાદાયી વ્યાખ્યાનનો પ્રારંભ કરતા કહ્યું હતું કે 'લાઈફ ઈઝ રેશ' - જીવનમાં દરેકે દોડવાનું તો છે જ ! તો જ કશુંક પ્રાપ્ત થઈ શકે, સફળતા મેળવી શકાય !

વિનોદ તિવારીએ ધીરુભાઈ અંબાણી સહિત અનેક વ્યક્તિઓ અને 'ફેસબુક' જેવી સંસ્થાના સફળતાના દાખલા ટાંકીને જણાવ્યું હતું કે તમારી પાસે 'મોટુ સપનું' હોય તો તમે 'કંઈ' પણ બની શકો છે, 'કઈ'પણ કરી શકો છો !

જગતનોનિયમ છે - લોકો જેનાં સપનાં ઉપર હસે છે એમણે જ કશુંક સિદ્ધ કર્યુછે, જેમના ઉપર લોકો હસતા નહીં હોય સમજી લો કે તેઓ કશું જ નથી કરતા. એમણે એમ પણ કહ્યું કે દુનિયા તમારા વિશે શું માને છે તેનાથી કશો ફરક નથી પડતો, પરંતુ તમે તમારા વિશે શું માનો છો, તેનુ બહુ મહત્વ છે. પોતાની જાતમાં જ વિશ્વાસ ન હોવો, મહત્વાકાંક્ષા ન હોવી કે નિષ્ફળતાનો ભય હોવો એ માણસને જીવનના ધ્યેયને પામવામાં બાધારૂપ બને છે.

### મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી

## પલ્સર બાઈક સાથે બે પિસ્તોલ અને ૬ જીવતા કારતુસ સાથે ૨ શખ્સોને દબોચ્યા

મોડાસા, તા. ૨૧

ગુજરાતની ખાલી પડેલી ૬ વિધાનસભા બેઠક પર મતદારો




મતાધિકારનો ઉપયોગ કરવાના છે તેના ગણતરીના કલાકો પહેલા અમદાવાદ-ઉદેપુર ને.હા. નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીક રવિવારે બપોરે બાતમીના આધારે મોડાસા રૂરલ પોલીસે શામળાજી તરફથી પલ્સર બાઈક સાથે પસાર થતા બે શખ્સોને બે દેશી બનાવટની પિસ્તોલ અને ૬ જીવતા કારતુસ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ. વાઘેલા અને તેમની ટીમે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી શામળાજી તરફથી આવતા પલ્સર બાઈક પરથી બે શખ્સોને બે દેશી પિસ્તોલ અને ૬ જીવતા કારતુસ સાથે ઝડપી પાડી બંને યુવકો હથિયારો વડે કોઈ ગુનાહિત પ્રવૃતિને અંજામ આપવાના હતા કે હથિયાર અને કારતુસ કોઈને વેચવા માટે લાવ્યા હતા વગેરે વધુ પૂછપરછ ચલાવી છે તેમજ આરોપીના રિમાન્ડ મેળવવા માટેની તજવીજ હાથ ધરી છે.

રવિવારે મોડાસા રૂરલ પોલીસે શામળાજી-હિંમતનગર હાઈવે પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. પોલીસને શામળાજી તરફથી બે શખ્સો દેશી પિસ્તોલ સાથે બાઈક લઈ આવી રહ્યાની બાતમી મળતા પોલીસે રોડ પર બેરિકેડ ગોઠવી દઈ સતર્ક બની હતી. બાતમી આધારિત પલ્સર બાઈક શામળાજી તરફથી આવતા પોલીસે પલ્સર બાઈક (ગાડી. નં- એમપી.૦૭.એનડી.૩૪૦૯)ને કોર્ડન કરી અટકાવી તલાસી લેતા બિરેનસિંગ દેવલાલ સુખવાસી જાટવ (રહે.૧૫ દુષ્યન્તનગર, ઠાંટીપુર પો.સ્ટેશન પાછળ, ગ્વાલિયર, એમ.પી) અને રવિકુમાર પીરભુકુમાર જાટવ (રહે. આનંદનગર, ઠાંટીપુર, ગ્વાલિયર, એમ.પી.) બંન્ને શખ્સોને પેન્ટના ખિસ્સામાંથી દેશી બનાવટની પિસ્તોલ નંગ-૨ કીં. રૂ.૧૦૦૦૦ તથા ૬ જીવતા કારતુસ કીં. રૂ.૬૦૦, મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૨૦૦૦ તથા પલ્સર બાઈક કીં. રૂ.૧૦૦૦૦૦ કુલ રૂ. ૧૧૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મોડાસા રૂરલ પોલીસે બંને શખ્સો વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ ૨૫ (૧-બી) એ તથા ઈપીકો કલમ-૧૧૪ અને જીપીએકટ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


## બાયડ વિધાનસભા પેટા ચૂંટણીમાં આચારસંહિતાના લીરેલીરા ઉડ્યા

### મોબાઈલ પર પ્રતિબંધ છતાં ઈવીએમનું બટન દબાવતા ફોટો વાઈરલ

બાયડ, તા. ૨૧

રાજ્યની ૬ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું હતું ત્યારે ચૂંટણી પંચની નીરસતાને લીધે ખુલ્લેઆમ આચારસંહિતાના લીરેલીરા ઉડ્યા હતા. એક તરફ ચૂંટણી પંચે મતદાન મથક પર મોબાઈલ ફોન લઈ જવા ઉપર પ્રતિબંધ મુકેલો છે, જયારે બીજી તરફ આજે મતદાન દરમિયાન કેટલાય મતદારોએ મત આપતા ઈવીએમના ફોટા પાડ્યા હતા સાથે બિન્દાસ્તપણે ઈવીએમનું બટન દબાવતા ફોટો સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યા હતા. સોશ્યલ મીડિયામાં અને વોટ્સએપ્પ પર આ પ્રકારના ફોટોગ્રાફ વાઈરલ કરતા ચૂંટણીપંચ અને પોલીસતંત્ર વાઈરલ ફોટો કરનાર મતદારો સામે કેવા પ્રકારની કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું..!!

બાયડ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આજે મતદાન શરૂ થતાની સાથે રાજકીય પક્ષોના સમર્થકો દ્વારા ઈવીએમના ફોટો મુક્યા હતા જેમાં મતદાન કરવા ગયેલા મતદાર દ્વારા પોતાનો વોટ કાસ્ટ કરતી વખતે ઈવીએમમાં થતી લાલ લાઈટ સાથે કે પછી વિવિપેટની કાપલી સાથે ચોક્કસ પક્ષને વોટ આપતા હોય તેવા ફોટોગ્રાફ સોશ્યલ મીડિયામાં



ભાજપ એટલે વિકાસ



મારો વોટ મારા પરમ મિત્રને જ

સોશ્યલ મીડિયામાં ઈવીએમનું બટન દબાવતા અને વાઈરલ થયા હતા. બાયડ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલા અને કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલને તેમના સમર્થક મતદારોએ તેમને જ મત આપ્યો હોવાની પ્રતિબધ્ધતા દર્શાવવા ઈવીએમમાં મત આપતા ફોટો પાડી સોશ્યલ મીડિયામાં બિન્દાસ્ત વાઈરલ પણ કર્યા હતા. પ્રતિબધ્ધતા દર્શાવાની લાહ્યમાં કાયદાકીય નિયમોનું ઉલ્લઘન થયાનું ભાન પણ ચુકતા કાયદાની ચુંગાલમાં ફસાવવાનો વારો આવે તો નવાઈ નહિ..! ઉમેદવારના વિવિપેટ સાથે લીધેલ ફોટા સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા આ અંગે ચૂંટણી અધિકારી પ્રિતેશ દવેને પુછાતા જણાવ્યું હતું કે મતદાન મથક પર મોબાઈલ લઈ જવો પ્રતિબંધ છે. કલેક્ટરનું જાહેરનામું પણ અમલમાં છે ત્યારે સોશ્યલ મીડિયામાં વાઈરલ કરનાર સામે જીલ્લા કલેક્ટરે આ અંગે જીલ્લા પોલીસવડાને તપાસ સોંપી હોવાનું જણાવ્યું હતું અને કસુવારો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશેનું જણાવ્યું હતું.




## ભિલોડા ભારત વિકાસ પરીષદ દ્વારા શ્રમજીવીને હાથલારીનું દાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત ભારત વિકાસ પરીષદ શાખા,દાતાઓના સહયોગથી દિવાળી નિમિત્તે એક શ્રમજીવીને હાથલારી,જીવન જરૂરી ચીજ વસ્તુ નું દાન અપાયું હતું.શ્રમજીવી પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી.શ્રમજીવીને દૈનિક રોજગાર ઉપાર્જન અર્થે હાથલારી,ચોખા,ઘી,કપડાં,રોજીંદી જીવન જરૂરીયાત ચીજ વસ્તુઓ દાતાઓ ધ્વારા આપી હતી.ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના હોદ્દેદારો,કારોબારી સભ્યોએ દાતાઓ તરફથી મળેલ સહયોગ બદલ સર્વે દાતાઓને બિરદાવ્યા હતા.સંપર્ક,સહયોગ,સંસ્કાર,સેવા,સમર્પણના સુત્ર સાથે સંકળાયેલ ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના હોદ્દેદારો,કારોબારી સભ્યો,દાતાઓની સેવાકીય પ્રવૃત્તીઓ બિરદાવી હતી.

## હિંમતનગરના ટાઉનહોલનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ હવે સસ્તો પડશે

હિંમતનગર નગરપાલિકાની મંગળવારે ચાર વાગ્યે મળનારી સામાન્ય સભામાં ૨૪ કામોનો એજન્ડા તમામ સદસ્યોને મોકલી અપાયો છે. ત્યારે તેમાં સૌથી અગત્યનો મુદ્દો એ છે કે નલીનકાંત ગાંધી ટાઉનહોલનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે અગાઉ જે ભાડુ આપીને કરાતો હતો તે ભાડામાં ઘટાડો કરવાનું નગરપાલિકાના સત્તાવાળાઓએ વિચારીને તેના માટે સામાન્ય સભાની મંજુરી લેવા માટે એજન્ડામાં સમાવેશ કર્યો છે. તથા મહેતાપુરા અને મોતીપુરા સર્કલને પણ વધુ વિકસીત બનાવવા માટે થનારા ખર્ચ અંગે પણ સામાન્ય સભામાં મંજુરી લેવાશે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના એક માત્ર સુવિધાયુક્ત તથા ફુલ્લી વાતાનુકુલીન એવા ટાઉનહોલનું રિનોવેશન કરીને તેના ઉપયોગ માટે ભાડે આપવાની શરૂઆત કરાઈ છે.